અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂ|.૫૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૧૨૦૨૦/૩૫૦૨૮૫/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૦/૦૩/૨૦૨૧

**વંચાણમાં લીધા:-**

1. વિભાગનો તા:૦૮/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૪૨૨૯૨/જ
2. વિભાગનો તા.૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા.)/જ
3. વિભાગનો તા.૧૭/૦૩/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૧૯/૩૨૨૩/જ
4. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા:૦૫/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ડૉ.આંઅંવિનિ/૨૦૨/પ્રોજેક્ટ/૨૦૨૧/૯૦૦
5. નાણાં વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: જનવ/૧૦૨૦૧૯/૪૭૪/અ

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના તા: ૦૮/૦૭/૨૦૨૦ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૦-૨૧માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ|. ૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને રૂ|.૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા.૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની નક્કી કર્યા મુજબ રાજ્ય સરકારને પરત ભરપાઈ વ્યાજના દર અને તે અંગે ચૂકવણીની કાર્યરીતી પ્રમાણે વંચાણે લીધેલ ક્રમ-૩ પરના તા.૧૭/૦૩/૨૦૨૦ના ઠરાવથી વર્ષ:૨૦૧૯-૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂ.૧૦૦૦.૦૦ લાખની યોજનાઓને મંજુરી આપવામાં આવેલ છે.

જે અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમ-૪ પરના તા.૦૫/૦૩/૨૦૨૧ના પત્રથી વર્ષ:૨૦૧૯-૨૦માં મંજૂર કરવામાં આવેલ યોજનાઓ માટે જે વ્યાજ દર નક્કી કરવામાં આવેલ હતો તે જ વ્યાજ દર વર્ષ:૨૦૨૦-૨૧ માટેની યોજનાઓમાં રાખી મંજુરી મેળવવા માટે દરખાસ્ત કરેલ છે.

## ઠરાવ:-

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૦-૨૧માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરની નીચે મુજબની યોજનાઓને કોષ્ટકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનું નામ | વિગત | | યુનિટ | રકમ રૂ. લાખ માં |
|---|---|---|---|---|---|
| ૧ | નાના ધંધા/વ્યવસાય ધિરાણ યોજના | હેતું | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તીઓ માટે નાના ઉદ્યોગ/ધંધાની જરૂરીયાતો પુરી કરવા અને સ્વરોજગારી ઉભી કરવા માટે | ૯૦ | ૮૫.૫૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૧,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ.૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ.૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |
| ૨ | પશુપાલન ધિરાણ યોજના | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે દૂધાળા પશુઓ ખરીદવા માટે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૯૦ | ૮૫.૫૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૧,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ.૯૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ.૫,૦૦૦/- મહત્તમ) | | |
| | | જામીનદાર | એક જામીનદાર | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | પેસેન્જર ઓટો રીક્ષા/લોડીંગ રીક્ષા | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૪૦ | ૭૬.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૨,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ.૧,૯૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ.૧૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૪ | પેસેન્જર વાન/કેરીયર વાન | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે પરિવહન ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૨૦ | ૯૫.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૫,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ થી ૮૪ માસ (૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ.૪,૭૫,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ.૨૫,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૫ | મોબાઈલ ફૂડ કોર્ટ/પરિવહન વાહન | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે ખાણી પીણી ક્ષેત્રે ધિરાણ પુરૂ પાડી સ્વરોજગારી ઉભી કરવી | ૧૦ | ૫૭.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૬,૦૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૬% | | |
| | | મુદત | ૬૦ માસ થી ૮૪ માસ (૫ થી ૭ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૯૫% (રૂ.૫,૭૦,૦૦૦/-) | | |
| | | લાભાર્થી ફાળો | ૫% (રૂ.૩૦,૦૦૦/-) | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૬ | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ | હેતુ | ઉચ્ચ અભ્યાસ માટે ધિરાણ પુરૂ પાડવુ. | ૪૦ | ૯૫.૦૦ |
| | | ધિરાણની રકમ | રૂ.૨,૫૦,૦૦૦/- વાર્ષિક | | |
| | | વ્યાજનો દર | ૩% | | |
| | | મુદત | ૬૦ માસ થી ૯૬ માસ (૫ થી ૮ વર્ષ) | | |
| | | રાજ્ય સરકારનો ફાળો | ૧૦૦% | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થી ફાળો | - | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૭ | જન જાગૃતિ કેમ્પ | હેતુ | નિગમ દ્વારા ચાલતી યોજનાઓ માટે માહિતગાર કરવા. સામાજિક બદીઓ, શિક્ષણ, સ્વચ્છતા, વ્યસન-મુક્તિ વગેરે બાબતે અંત્યોદય સમાજમા બહોળા પ્રમાણમાં જન જાગૃતિ કેળવવા વિવિધ કેમ્પનું આયોજન કરવુ. | ૧૨ | ૬.૦૦ |
| | | | કુલ | ૩૦૨ | ૫૦૦.૦૦ |

અ. રાજ્ય સરકારને લોન પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગે ચુકવણી અંગેની કાર્યરીતિ વિભાગના તા:૦૮/૦૨/૨૦૧૭ના ઠરાવ મુજબની રહેશે.

બ. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણીની તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નક્કી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.

ક. નાણાં વિભાગના તા:૧૮/૦૯/૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનું તેમજ નાણાં વિભાગના વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

**<u>૨. યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએ:-</u>**

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના બેરોજગાર જોવા જોઈએ.
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂ.3.00 લાખથી વધુ હોવી જોઈએ નહી.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
4. અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા જોવા જોઈએ નહી.
5. અરજદાર કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
6. બી.પી.એલ./વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.
7. વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધારણ કરતા હોવા જોઈએ.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા:૦૮/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. સેક્શન અધિકારીશ્રી, ક, ગ, હ-શાખા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
11. પસંદગી ફાઇલ-૨૦૨૧.